# આવતીકાલે ગેંગરેપના આરોપીઓની સજા જાહેર થશે

નવી દિલ્હી, તા.૧૧

ગયા વર્ષે ૧૬ ડિસેમ્બરની રાત્રે નવી દિલ્હીમાં ચાલુ બસમાં ૨૩ વર્ષની પેરામેડીકલ વિદ્યાર્થીની પર ગેંગરેપ કરીને તેનું મૃત્યુ નિપજાવવાના આ કેસમાં સાકેતની ફાસ્ટ ટ્રેક કોર્ટ દ્વારા જીવીત રહેલા ચારેય આરોપીઓ મુકેશ, વિનય શર્મા, પવન ગુપ્તા તેમજ અક્ષય ઠાકુરને દોષિત જાહેર કરાયા છે. કોર્ટે તેના ચુકાદામાં ચારેય આરોપીઓ પર લગાવવામાં આવેલી ૧૩ કલમોમાં દોષિત ઠરાવ્યા છે અને જણાવ્યું છે કે આ આરોપીઓએ એક નિઃસહાય યુવતી સાથે સામુહીક બળાત્કાર કરીને તેની હત્યા જેવો જઘન્ય ગુનો આચર્યો છે જેને માટે તેઓ આકરી સજાને પાત્ર છે. આ મામલામાં બુધવારે સુનાવણી હાથ ધરીને તેમને સજા ફટકારવામાં આવશે તેવું નક્કી કરવામાં આવ્યું હતું. જો કે ગેંગરેપના ચારેય આરોપીઓની સજા અંગે સાકેત કોર્ટે આજે બંને પક્ષની દલીલો સાંભળ્યા છે. બપોરે ૨:૦૮ કલાકે બંને પક્ષની દલીલો પૂર્ણ થઈ હતી અને આ ચર્ચા બાદ કોર્ટે શુક્રવારે બપોરે ૨:૩૦ કલાકે ફેંસલો જાહેર કરવાનો નિર્ણય કરી હાલ પુરતો ચુકાદો અનામત રાખ્યો છે. ઉલ્લેખનીય છે કે મંગળવારે કોર્ટે ચારેય આરોપીઓને ગેંગરેપ, હત્યા ગુનાહીત ષડયંત્રના આરોપમાં દોષીત જાહેર કર્યા હતા. જેના અનુસંધાને પોલીસે આજે કોર્ટમાં ચારેય આરોપી વિનય શર્મા, પવન ગુપ્તા, મુકેશસિંહ અને અક્ષય ઠાકુર માટે ફાંસીની સજા માંગી હતી. જો કે કોર્ટે શુક્વાર સુધી ચુકાદો અનામત રાખી નિર્ણય હાલ પુરતો ટાળી દીધો છે. ઉલ્લેખનીય છે કે ગેંગરેપના ચારેય દોષીત પર કલમ ૩૦૨, ૩૭૬, ૩૦૧, ૩૯૪, ૩૯૫ અને ૩૮૬ મુજબ દોષીત ઠેરવ્યા છે.

જેમાં તેમને ઓછામાં ઓછું આજીવન કેદ અને વધુમાં વધુ ફાંસીની સજા થઈ શકે છે. ઉલ્લેખનીય છે કે ગત ૧૬મી ડિસેમ્બર ૨૦૧૨માં દેશની રાજધાની દિલ્હીમાં થયેલા સામૂહિક બળાત્કાર કેસમાં સાકેત કોર્ટે ચારેય આરોપીઓને મંગળવારે દોષિત જાહેર કર્યા હતા. કોર્ટના ન્યાયધીશ યોગેશ ખન્નાએ ચારેય આરોપીઓ મુકેશ સિંહ, પવન ગુપ્તા, વિનય શર્મા, અક્ષય ઠાકુરને દોષિત જાહેર કરતા જણાવ્યુ હતુકે તેમની સજાની જાહેરાત બુધવારે કરવામાં આવશે પરંતુ આજની સુનાવણી બાદ સજાની જાહેરાત શુક્વાર પર મુલતવી રખાઈ છે. આ કેસમાં કુલ છ આરોપીઓ હતા જેમાંથી એક રામ સિંહે તિહાર જેલમાં આત્મહત્યા કરી લીધી હતી જ્યારે અન્ય એક આરોપી સગીર વયનો હોવાથી થોડાક દિવસ પહેલા જ તેને દોષિત જાહેર કરી ત્રણ વર્ષ માટે રિમાન્ડ હોમમાં મોકલી અપાયો છે. જ્યારે બાકીના ચારેય આરોપીઓ પર ગેંગરેપ, હત્યા, લૂંટ, અપહરણ સહિત કુલ ૧૩ આરોપો લગાવવામાં આવ્યા હતા. પીડિતાએ મૃત્યુ પહેલા આપેલા નિવેદન અને સાક્ષીઓ પર વિશ્વાસ રાખીને અદાલતે ચારેય આરોપીઓને દોષિત જાહેર કર્યા હતા.

## ગણપતિ વિસર્જન સમયે ૫૦ વ્યક્તિઓને માછલી કરડી

મુંબઈ,તા.૧૧

મંગળવાર રાત્રે મુંબઈમાં ગણપતિ વિસર્જન સમયે સમુદ્રી માછલી સ્ટીંગર કરડતાં ૫૦થી વધુ વ્યક્તિઓ ઘાયલ થયા છે જેમને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડાયા હતા. મોડી રાત્રે સારવાર બાદ ૩૮ દર્દીઓને રજા આપી દેવાઈ હતી જ્યારે ૧૨ દર્દીઓને મુંબઈની નાયર હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. મુંબઈમાં આ પહેલીવાર એવી ઘટના બની છે કે જેમાં ગણપતિ વિસર્જન સમયે માછલી કરડવાથી લોકો ઘાયલ થયા હોય. ઘટના બાદ મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનની ટીમે સમુદ્રમાંથી કેટલીક સ્ટીંગરેટ અને બિલ માછલીઓને પકડી છે. જો કે સમુદ્ર કિનારે હજુ કેટલી માછલીઓ છે તે અંગે કોઈ અનુમાન લગાવી શકાયું નથી.

મુંબઈની નાયર હોસ્પિટલમાં દાખલ કરાયેલા દર્દીઓના જણાવ્યા મુજબ સ્ટીંગરે માછલીના કરડ્યા બાદ તેમના શરીરમાં દુખવા લાગ્યું હતું અને અસહ્ય વેદના થવા લાગી હતી. જેના કારણે તેમને તાત્કાલિક હોસ્પિટલમાં સારવાર અર્થે જવું પડ્યું હતું. બીજી બાજુ નાયર હોસ્પિટલના ડોક્ટરોના જણાવ્યા મુજબ સ્ટીંગરે માછલી ઝહેરીલી નથી. જો કે તેના કરડ્યા બાદ દર્દીને અસહ્ય વેદનાનો અનુભવ થાય છે. જેને શાંત કરવું મુશ્કેલ બની જાય છે. નાયર હોસ્પિટલના જણાવ્યા મુજબ ૫૦ દર્દીઓને દાખલ કરવામાં આવ્યા હતા જેમાં ૩૮ દર્દીઓને રજા આપી દેવાઈ હતી જ્યારે ૧૨ દર્દીઓને સારવાર ચાલી રહી છે. દુર્ઘટના બાદ પ્રસારણ દ્વારા સમુદ્ર કિનારે એમ્બુલન્સની વ્યવસ્થા કરી દેવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે આગામી સમયમાં મોટી સંખ્યામાં લોકો ગણપતિ વિસર્જન માટે સમુદ્ર કિનારે ઉમટી પડશે ત્યારે આવી દુર્ઘટનાઓ રોકવી તંત્ર માટે સૌથી મોટો પડકાર રહેશે.

# એસબીઆઈએ નિયમો કડક કરતા કારના વેચાણમાં ઘટાડો

મુંબઈ,તા.૧૧

દેશની સૌથી મોટી કોમર્શિયલ બેંક સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાએ પોતાના કાર લોન અંગેના નિયમો વધુ કડક બનાવ્યા છે. જેનાથી કારોના વેચાણમાં ઘટાડો નોંધાય તેવી શક્યતા છે. ગત મહિને એસબીઆઈ દ્વારા જાહેર કરાયેલ નિયમો મુજબ જે વ્યક્તિઓનું એસબીઆઈમાં એકાઉન્ટ નથી એવા કર્મચારીઓની વાર્ષિક આવક ઓછામાં ઓછી છ લાખ હશે તો જ તેમને કાર લોન આપવામાં આવશે. આ પહેલાં ૨.૫ લાખ વાર્ષિક આવક ધરાવતા લોકોને પણ કાર લોન મળતી હતી. આ ઉપરાંત એસબીઆઈમાં એકાઉન્ટ ધરાવતા કર્મચારીઓ માટે પણ કાર લોન માટે ૪.૫ લાખની વાર્ષિક આવક

નિર્ધારિત કરવામાં આવી છે. વધુમાં આરબીઆઈએ પોતાના સર્વિસ ચાર્જમાં પણ વધારો કર્યો છે જેના કારણે અર્થતંત્રની મંદીમાં સંઘર્ષ કરી રહેલ કાર ઉત્પાદકોની વધુ મુશ્કેલ પરિસ્થિતિઓમાં મૂકાવું પડી શકે છે. નિયમોની જાહેરાત સાથે જ કારના વેચાણમાં ૧૩ ટકાનો ઘટાડો નોંધાયો છે. છેલ્લા નવ મહિનામાં ટુ વ્હીલર ધારકોમાં પણ ડિફોલ્ટના કિસ્સાઓ વધી રહ્યા છે.

એક ખાનગી બેંકના એક્સઝીક્યુટીવના જણાવ્યા મુજબ છેલ્લા છ મહિનાના ટુવ્હીલર લોનના કિસ્સામાં ચેક બાઉન્સનું પ્રમાણ ૨૫ ટકા જેટલું વધ્યું છે જે સામાન્ય કરતા પાંચ ટકા વધુ છે. ઈન્ડસ્ટ્રીના સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી માહિતી મુજબ ખાનગી બેંકોના વિકાસદરમાં ૧ ટકા સુધીનો ઘટાડો નોંધાયો છે. જાણકારોના મતે લોનમાં ડિફોલ્ટરોની સંખ્યા વધવાના પગલે આ ઘટાડો નોંધાયો છે. દેશની સૌથી મોટી કાર કંપની મારૂતી સુઝુકીના ચીફ ઓપરેટીંગ ઓફિસર મયંક પારીખે જણાવ્યું હતું કે વર્તમાન સમયના અર્થતંત્રની સ્થિતિ નાજુક છે અને ધીરે ધીરે વધુ મુશ્કેલ બની રહી છે. ગ્રાહકોમાં ફાઈનાશિયલ સમસ્યા જોવા મળી રહી છે. એવામાં એસબીઆઈએ કાર લોનના નિયમો વધુ કડક બનાવતાં કારોના વેચાણમાં ઘટાડો નોંધાશે. પરીખના જણાવ્યા મુજબ કુલ કારના વેચાણમાંથી ૭૦ ટકા કારો લોન પર વેચાય છે. જેમાં ૨૫ ટકા હિસ્સો સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાનો છે.

## મુજફ્ફરનગરમાં હિંસા બાદ પરિસ્થિતિમાં સુધાર નોંધાયો

લખનૌ,તા.૧૧

રમખાણોની આગમાં સળગી રહેલી મુજફ્ફરનગરમાં પરિસ્થિતિ ધીરે ધીરે પાટા ઉપર આવી રહી છે. મંગળવારે બપોરથી આજે સવાર સુધી કોઈ હિંસક અથડામણ ન નોંધાતા કેટલાક વિસ્તારોમાં કરફ્યુમાં ઢીલ આપવામાં આવી છે. જો કે ગ્રામીણ વિસ્તારોમાં હજુ પણ અજંપાભરી શાંતિની પરિસ્થિતિ યથાવત્ છે. બીજી બાજુ રમખાણોમાં અત્યાર સુધી ૪૧ વ્યક્તિઓએ જીવ ગુમાવ્યાના સત્તાવાર આંકડા સામે આવ્યા છે.

મંગળવારે સાંજે મુજફ્ફરનગરના કોતવાલી સિવિલ લાઈન નઈનંદી આ ત્રણ વિસ્તારોમાં કરફ્યુમાં બે કલાકની છૂટ આપવામાં આવી હતી જેના કારણે સ્થાનિક લોકોએ રાહતનો શ્વાસ લીધો હતો. જિલ્લા કલેક્ટર કૈલાસ રાજ શર્માએ જણાવ્યું હતું કે આ ત્રણે પોલીસ સ્ટેશનોના વિસ્તારમાં મંગળવારે બપોર બાદ સાડા ત્રણથી સાડા પાંચ વાગ્યા સુધી કરફ્યુમાં ઢીલ આપવામાં આવી હતી જેથી લોકો પોતાની જીવન જરૂરી વસ્તુઓ અને સામાન ખરીદી શકે. તેમને વધુમાં જણાવ્યું હતું કે કરફ્યુમાં ઢીલ આપવાનો નિર્ણય પરિસ્થિતિની સમીક્ષાના આધારે લેવામાં આવ્યો હતો. જો કે આ દરમિયાન સુરક્ષા અને કાનૂની વ્યવસ્થાને દૃષ્ટિએ ખાસ નજર રાખવામાં આવી હતી. અને જો પરિસ્થિતિ સાધારણ રહેશે તો આજે વધુ કેટલોક સમય કરફ્યુમાં ઢીલ આપવામાં આવી શકે છે. જો કે ગ્રામીણ વિસ્તારોમાં મંગળવાર બપોર પછી કોઈ હિંસક અથડામણ ન નોંધાવા છતાં અજંપાભરી શાંતિનો માહોલ છે. દરમિયાન રમખાણોમાં મૃતકોની સંખ્યા અત્યાર સુધી ૪૧ થઈ છે. ઉત્તર પ્રદેશના ગૃહસચિવ કમલ શખસેનાએ જણાવ્યું હતું કે પશ્ચિમ ઉત્તર પ્રદેશના ત્રણ જિલ્લાઓમાં મળીને કુલ ૪૧ વ્યક્તિના મોત થયા છે જેમાં કેટલાક મુજફ્ફરનગરમાં જ ૩૪ વ્યક્તિઓના મૃત્યુ નિપજ્યા છે. મેરઠમાં ત્રણ, હાપુરબાગપટ સારંગપુર, સાંમલીમાં ૧-૧ વ્યક્તિનું મોત નિપજ્યું છે.શખસેનાએ જણાવ્યું હતું કે અથડામણો દરમિયાન અત્યાર સુધી ૧૦૦થી વધુ લોકો ઘાયલ થયા છે. જેમને સારવાર અર્થે હોસ્પિટલમાં ખસેડાયા છે અને પરિસ્થિતિને કાબૂમાં લેવા ૨૦૦થી વધુ વ્યક્તિઓની અટકાયત કરવામાં આવી છે. ઉલ્લેખનીય છે કે મુજફ્ફરનગરમાં યુવતીની છેડછાડ જેવી સામાન્ય બાબતે બે કોમો વચ્ચે હિંસા ફાટી નીકળી હતી. જેમાં મોટાપાયે જાનમાલને નુકસાન થયું હતું.

# આઝમ ખાન સપાની રાષ્ટ્રીય કારોબારી બેઠકમાં ગેરહાજર

આગ્રા,તા.૧૧

મુજફ્ફરનગર રમખાણો મામલે પોતાની પાર્ટીની સરકાર અને મુખઅયમંત્રી અખિલેશ યાદવ સામે આઝમ ખાનની નારાજગી ખુલીને સામે આવી છે. આ પહેલાં આઝમ ખાને રમખાણો ઉપર કાબૂ મેળવવામાં પ્રશાસનની નાકામયાબી અંગે અખિલેશ સરકાર પર સવાલો ઊભા કર્યા હતા. જ્યારે હવે આજથી આગ્રા ખાતે શરૂ થયેલી સમાજવાદી પાર્ટીની રાષ્ટ્રીય કારોબારી બેઠકમાં ભાગ ના લઈને આઝમ ખાને પોતાની નારાજગીનો સ્પષ્ટ સંકેત આપ્યો છે. આજથી શરૂ થયેલી સમાજવાદી પાર્ટીની કારોબારી બેઠકમાં બે દિવસ સુધી મુજફ્ફરનગરના રમખાણો અને લોકસભાની ચૂંટણીની તૈયારીઓ અંગે મંથન કરવામાં આવશે. રાષ્ટ્રીય કારોબારીની બેઠકમાં ભાગ

લેવા માટે સમાજવાદી પાર્ટીના સુપ્રીમો મુલાયમસિંહ યાદવ, મહાસચિવ રામગોપાલ યાદવ સહિત દિગ્ગજ નેતાઓ મંગળવારે રાત્રે જ આગ્રા પહોચી ગયા હતા. જ્યારે અખિલેશ યાદવ આજે સવારે જ આગ્રા પહોંચ્યા. જો કે પાર્ટીના વરિષ્ઠ નેતા આઝમ ખાન બેઠકમાં ભાગ લેવા આગ્રા પહોંચ્યા નથી.

ઉલ્લેખનીય છે કે મુજફ્ફરનગર રમખાણો મામલે આઝમખાન મુસ્લિમ સંગઠનોની પ્રતિક્રિયા બાદ નારાજ છે. જમીત ઉલેરામે હીમ અને ઓલ ઈન્ડિયા મુસ્લિમ પર્સનલ લો બોર્ડ જમાતે ઈસ્લામે હીમ સહિત અનેક મુસ્લિમ સંગઠનોને ઉત્તર પ્રદેશ સરકાર ઉપર રમખાણો રોકવામાં નિષ્ફળ રહી હોવાનો આક્ષેપ કરી અખિલેશ સરકારને બરખાસ્ત કરવા માટે માંગ કરી છે અને કેન્દ્ર સરકારને આગ્રહ કર્યો છે કે રમખાણોમાં મૃત્યુ પામનાર વ્યક્તિના પરિવારોને યોગ્ય વળતર આપવામાં આવે. સંગઠનોનો આરોપ છે કે સમાજવાદી પાર્ટીની સરકાર પોતાના કાર્યકાળમાં અનેકવાર રમખાણો કાબૂ કરવામાં નિષ્ફળ ગઈ છે.

તેમણે આ રમખાણો પાછળ સમાજવાદી પાર્ટી અને ભાજપ વચ્ચે સાંઠગાંઠ હોવાનો આરોપ પણ લગાવ્યો છે. ત્યારથી સમાજવાદી પાર્ટીના વરિષ્ઠ નેતા આઝમ ખાન પોતાની પાર્ટીની અખિલેશ સરકારથી નારાજ જણાઈ રહ્યા છે અને આજે રાષ્ટ્રીય કારોબારીમાં ભાગ ન લઈને પોતાની નારાજગી વ્યક્ત કરી છે.

## એપલ કંપની દ્વારા બે નવા આઈફોન માર્કેટમાં લોન્ચ

કેલિફોર્નિયા,તા.૧૧

ઈલેક્ટ્રોનીક્સ કંપની એપલે બે નવા આઈફોન બજારમાં લોચ કર્યા છે. જેમાં ફાઈ એસ સ્ટાન્ડર્ડ આઈફોન છે જ્યારે આઈસી એક બજેટ આઈફોન છે. આઈફોન ફાઈ એસ દુનિયાનો એવો પહેલો ફોન છે જેમાં ૬૪ બીટી ચીપ લગાવવામાં આવી છે. જો કે તે ૩૨ બીટીવાળા એપ્લિકેશનની બરોબર છે. ફોનમાં એ ૭ પ્રોસેસર લગાવવામાં આવ્યું છે જે પહેલા આઈફોનની તુલનામાં ૫૬ ગણી વધુ ગતિથી કાર્ય કરે છે. આઈફોન ફાઈવ એસને એપલે લીલા, સફેદ કલરોમાં લોન્ચ કર્યો છે. જે એલ્યુમિનિયમમાંથી બનાવવામાં આવ્યો છે. આઈફોન ૫ એસમાં

ઓપન જીપી ઈએસ ૩.૦ છે. જે દુનિયાનો ઝડપી સ્માર્ટ ફોન બનાવે છે. એપલે આ સ્માર્ટ ફોનમાં અનેક સુધારા કર્યા છે. જેની બેટરી થ્રીડી નેટ પર પણ ૧૦ કલાક સુધી કાર્યરત રહે છે. જ્યારે ૧૦ કલાક ટોક ટાઈમ આપે છે અને વિડીયો પણ જોઈ શકાય છે. જ્યારે સ્ટેન્ડબાય બેટરી ૨૫૦ કલાક સુધી ચાલે છે. આઈફોન ૪ એસ ૧૬ જીબીની કિંમત ૧૩૦૦૦ રૂપિયા નક્કી કરવામાં આવી છે જ્યારે ૩૨ જીબીની કિંમત ૨૦૦૦૦ રૂપિયા અને ૬૪ જીબીની કિંમત ૨૫૦૦૦ રાખવામાં આવી છે.

આ ઉપરાંત એપલે લોન્ચ કરેલી આઈફોન ૫ સી ઓછી કિંમતવાળો આઈફોન છે. જે પાંચ રંગોમાં લોન્ચ કરવામાં આવ્યો છે. આઈફોન ૫ સીમાં ચાર ઈંચની ડિસ્પે અને એ ૬ પ્રોસેસર છે. ફોનમાં આઠ મેગા ફિક્સરનો કેમેરો લગાવવામાં આવ્યો છે. જ્યારે ફ્રન્ટમાં પણ એચડી કેમેરો લગાવ્યો છે જે ઓછા પ્રકાશમાં પણ ફોટો પાડવા સક્ષમ છે. આઈફોન ૫ સીની ૧૬ જીબીની કિંમત ૬૩૦૦ રૂપિયા નક્કી કરાઈ છે. જ્યારે ૩૨ જીબીની કિંમત ૧૨૭૦૦ નક્કી કરાઈ છે. બંને આઈફોનના લોન્ચિંગ સમયે એપલના સિનિયર વીપી જોની ઈવે જણાવ્યું હતું કે પહેલા નવા આઈફોન બજારમાં આવતા જ જૂના આઈફોનની કિંમતો પણ ઘટાડી દેવામાં આવતી હતી. જો કે હવે આ વખતે એવું કરવામાં નહીં આવે.

# ‘બિગ બોસ ૭’માં અનિતા અડવાણી ભાગ લે તેવી વકી

મુંબઈ,તા. ૧૧

ટૂંક સમયમાં રિયાલિટી શો બિગ બોસની સાતમી સિઝન શરૂ થવા જઈ રહી છે. ત્યારે આ શોમાં ભાગ લેનાર સેલિબ્રિટીઓના નામને લઈ અનેક અટકળોનો દોર ચાલી રહ્યો છે. સૂત્રો દ્વારા પ્રાપ્ત થતી માહિતી મુજબ બિગ બોસ સાતની સેલિબ્રિટીઓના લિસ્ટમાં અમિતા અડવાણીનું નામ પણ સામેલ છે. આ એજ અમિતા છે જેને વિતેલા વર્ષોના સુપર સ્ટાર રાજેશ ખન્નાની જોડે સંબંધ હોવાની વાત ચાલી રહી હતી. માનવામાં આવી રહ્યું છે કે અમિતા રાજેશ ખન્ના સાથે લિવ એન્ડ રિલેશનશીપમાં રહેતી હતી જેના કારણે રાજેશ ખન્નાના કુટુંબ સાથે તેના મતભેદ હતા. રાજેશ ખન્નાના મૃત્યુબાદ તેમની પ્રોપર્ટી ઉપર અમિતાએ પોતાનું હક મેળવ્યો હતો.

બિગ બોસ સાતના સ્પર્ધકોની સત્તાવાર યાદી હજુ સુધી જારી કરાઈ નથી. જો કે અત્યાર સુધી અનેક સ્પર્ધકોના નામ સામે આવી ચૂક્યા

છે. જેના અમિતા અડવાણી ઉપરાંત ગત વર્ષે ડાન્સ રિયાલિટી શો ઝલક દિખલાજામાં ભાગ લેનારી પ્રત્યુશા બેનર્જીનું નામ પણ સામે આવ્યું છે. પ્રત્યુશાએ આ પહેલા બાલિકા વધુ ટીવી સિરિયલમાં આનંદીનું પાત્ર ભજવ્યું હતું. પ્રત્યુશા બેનર્જી ઉપરાંત ગુરુદીપ કોહલી, કુશલ તંડન, ગોહરખાન, અપૂર્વ અગ્નિહોત્રી, શિલ્પા સકલાની અને કુશ્તીબાજ સંગ્રામસિંહ બિગ બોસમાં સાતમાં ભાગ લે તેવી શક્યતા છે. જો કે સાચી હકીકત સત્તાવાર સ્પર્ધકોની યાદી જાહેર કરાયા બાદ જ ખબર પડશે.

### સખીને પત્ર (પાના નં. ૪ નું ચાલુ)

નામ સાંભળીને શેઠે રતિલાલને અંદર બોલાવ્યા. ઘડીના છઠ્ઠા ભાગમાં બંને વચ્ચે આપ-લે થઇ ગઇ. રતિલાલને એક જ નવાઇ લાગી - ખિસ્સામાં કવર મુકતા મુકતા - કે જેમને માટે બે દિવસથી તે મનમાં સતત તૈયાર થતાં હતા તે વાત તો પલકવારમાં પતી ગિ. જેટલી સહજતાથી તેમણે ભિખારીને પરચૂરણ આપ્યું હતું. એટલી જ સાહજિકતાથી તેમને તેમની પ્રથમ લાંચ મળી ગઇ હતી. અને હવે તે વારંવાર મળવાની હતી. વાર્તાના અંતે નાનકડો પેરેગ્રાફ છે :

‘ રતિલાલ ઘરે પાછા તો રીક્ષામાં જ ગયા. એમને યાદ આવ્યું કે એમણે વિના કારણએ વિવશ થઇને ઘણું બધું ભિક્ષુકોને આપી દીધું. તેમને થોડો અફસોસ પણ થયો. આટલું દાન કરવું પડે તેવું સંકટ ન હતું. વિચારતા વિચારતાં એમ લાગ્યું કે હવેથી આવે કામ મંદિર જવાની પણ એવી કોઇ ખાસ જરૂર નથી. તેમણે રીક્ષા સાથે ચાલતાં દૃશ્યોમાં મન પરોવ્યું. શાક લેવું ને લાંચ લેવી રોજ-બ-રોજની ઘટના થઇ ગઇ છે. ભારતમાં ભાષા અનેક છે. પરંતુ સૌની ગમતી જબાન તો ભ્રષ્ટાચાર જ છે.’

બધા બધું જ જાણે છે - સમજે છે છતાં કોઇ કશું જ બોલતું નથી. એટલા માટે કે દરેક જણ આ ચક્રમાં ક્યાંક ને ક્યાંક કોઇક ને કોઇક રીતે સંકળાયેલા જ છે એટલે જ તેરી ભી ચુપ ઔર મેરી ભી ચુપ’ રામ રાજ ની તો ખબર નહિ પણ રામ ભરોસે દેશ ચાલ્યો છે ને ચાલતો રહેશે... મોદક ઝાપટવાની મોસમ છે જયાફત ઉડાવો....

- તારી સ્વાતિ

# ૨૦૧૮ના હોકી વર્લ્ડકપની યજમાન માટે ભારત દાવેદાર

નવી દિલ્હી,તા.૧૧

ભારત ૨૦૧૮ના હોકી વર્લ્ડકપના આયોજન માટે આંતરરાષ્ટ્રીય હોકી મહાસંઘ સમક્ષ પોતાની દાવેદારી નોંધાવી છે. આ વર્લ્ડકપના આયોજન માટે ભારત ઉપરાંત ઓસ્ટ્રેલિયા, ઈંગ્લેન્ડ, મલેશિયા અને ન્યૂઝીલેન્ડ પણ મજબૂત દાવેદાર છે. ૨૦૧૮ના વર્લ્ડકપના યજમાન અંગે અંતિમ નિર્ણય સ્વિત્ઝરલેન્ડના લુસાન ખાતે મળનારી આંતરરાષ્ટ્રીય હોકી કારોબાર બેઠકમાં લેવામાંઆવશે. જેની સત્તાવાર જાહેરાત ૭ નવેમ્બરના રોજ કરવામાં આવશે.

પ્રાપ્ત થતી માહિતી મુજબ હોકીમાં પોતાના સુવર્ણ સમયને પરત લાવવા માટે પ્રયત્ન કરી રહેલ ભારતે ૨૦૧૮ના હોકી વર્લ્ડકપની યજમાની માટે પોતાનો દાવો રજૂ કર્યો છે. ભારત ઉપરાંત અન્ય ચાર દેશોએ પણ હોકી વર્લ્ડકપની યજમાની કરવા માટે રસ દાખવ્યો છે.

આંતરરાષ્ટ્રીય હોકી મહાસંઘની એક યાદીમાં જણાવ્યા મુજબ કુલ પાંચ દેશો દ્વારા ૨૦૧૮ના વર્લ્ડકપની યજમાની માટે દાવેદારી નોંધાવી છે જેમાંથી ચાર દેશોએ પુરુષ અને મહિલા એમ બંને હોકી યજમાન માટે દાવેદારી નોંધાવી છે. જ્યારે એક દેશે માત્ર પુરુષ વર્લ્ડકપની યજમાની માટે દાવેદારી નોંધાવી છે. આંતરરાષ્ટ્રીય હોકી મહાસંઘના નિવેદનમાં જણાવવામાં આવ્યુંછે કે ભારત ઉપરાંત ઓસ્ટ્રેલિયા, ઈંગ્લેન્ડ, મલેશિયા અને ન્યૂઝીલેન્ડે પણ ૨૦૧૮ના હોકી વર્લ્ડકપની યજમાની માટે દાવેદારી નોંધાવી છે. ઉલ્લેખનીય છે કે આંતરરાષ્ટ્રીય હોકી મહાસંઘે વર્લ્ડકપની યજમાની માટે દાવેદારી નોંધાવવા માટે ૩૧ ઓગસ્ટ સુધીની સમય મર્યાદા નક્કી કરી હતી. હવે પાંચ દેશો તરફ આવેલ પ્રસ્તાવની આંતરરાષ્ટ્રીય હોકી મહાસંઘ દ્વારા વિસ્તૃત મૂલ્યાંકન કરવામાં આવશે. ત્યારબાદ ચર્ચા હાથ ધરવામાં આવશે અને દાવેદારી નોંધાવનાર દરેક દેશ રૂબરું મૂલાકાત લઈ તમામ સંભાવનાઓની તપાસ કરવામાં આવશે અને ૨૦૧૮ના વર્લ્ડકપની યજમાની અંગે અંતિમ નિર્ણય સ્વિત્ઝરલેન્ડના લુસાન ખાતે મળનારી આંતરરાષ્ટ્રીય હોકી મહાસંઘની કાર્યકરની બેઠકમાં લેવામાં આવશે અને યજમાન દેશની સત્તાવાર જાહેરાત ૭ નવેમ્બરના રોજ કરવામાં આવશે.

## સારવાર બાદ સોનિયા ગાંધી ભારત પરત ફર્યા

નવી દિલ્હી,તા.૧૧

કોંગ્રેસ અધ્યક્ષા સોનિયા ગાંધીએ આજે વહેલી સવારે અમેરિકાથી સારવાર કરાવીને ભારત પરત ફર્યા છે. સૂત્રોના જણાવ્યા મુજબ સોનિયા ગાંધી પોતાની પુત્રી પ્રિયંકા સાથે બીજી સપ્ટેમ્બરના રોજ રૂટિંગ હેલ્થ ચેકઅપ માટે અમેરિકા ગયા હતા. ઓગસ્ટના અંતમાં લોકસભામાં ખાદ્ય સુરક્ષા બિલ પર ચર્ચા કરતા સમયે છાતીમાં દુખાવાના કારણે સોનિયા ગાંધીને દિલ્હીની એમ્સ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં પાંચ કલાકની ડૉક્ટરી તપાસ બાદ તેમને રજા આપી દેવામાં આવી હતી. એ સમયે સોનિયા ગાંધીને ઉધરસ અને માથામાં દુખાવો હોવાનું જાહેર કરવામાં આવ્યું હતું.

## સમાચાર ઝલક

- ♥ કેદારનાથમાં ૮૬ દિવસ બાદ પૂજા શરૂ થઇ.
- ♥ મધ્યપ્રદેશના સાગરમાં ગણપતિની મૂર્તિઓનું એક પરિવાર મફતમાં વિતરણ કરે છે.
- ♥ મુંબઇમાં ગણેશ વિસર્જન નિમિત્તે કડક સલામતી વ્યવસ્થા ગોઠવાઇ.
- ♥ કલકત્તામાં હવાઇ આંખની હોસ્પિટલ.
- ♥ ગુલમર્ગમાં પ્રવાસીઓની સંખ્યા વધી, શાળાઓ ખુલી, જીવન વ્યવહાર શરૂ.
- ♥ રૂપિયો મજબૂત થતાં પેટ્રોલ-ડિઝલ ભાવ નહિ વધે, લોકોને મોટી રાહત.
- ♥ ક્રિકેટ બોર્ડનાં અધ્યક્ષ શ્રીનિવાસન સામે સીબીઆઇએ ચાર્જશીટ દાખલ કરી.
- ♥ તુર્કીમાં સરકાર વિરોધી દેખાવોમાં હિંસા થઇ.
- ♥ અર્જેન્ટીનામાં ૧૫ હજાર હેક્ટર વિસ્તારમાં જંગલમાં આગ પ્રસરી.
- ♥ એપલ કંપની સસ્તો આઇફોન બજારમાં મુકશે.
- ♥ અમેરિકાએ સિરીયાને છેલ્લી મહેતલ આપી.
- ♥ ગીરમાં વીજ કરંટથી સિંહણની હત્યા.
- ♥ અમદાવાદમાં લૂંટનો સિલસિલો યથાવત, આનંદનગર શ્રદ્ધા સ્કૂલ પાસે ૪ લાખની લૂંટ થઇ.
- ♥ સંસદના સત્ર દરમિયાન યુવા સાંસદોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો.
- ♥ નવા મોબાઇલ કનેકશન માટે આધારકાર્ડ ફરજિયાત બનશે.
- ♥ ભારતીય કંપનીઓ બોનસમાં જંગી કાપ મુકે તેવી સંભાવના.
- ♥ ગુજરાતમાં દરરોજ ૧૦૦ કિલો સોનું આવતું હોવાના નિર્દેશો સાંપડ્યા.
- ♥ હવે ઉચ્ચ અમલદારોનો વિદેશમાં સારવારનો ખર્ચ સરકારના શિરે.
- ♥ આધારકાર્ડ એ નાગરિક તરીકેનું પ્રમાણપત્ર નથી : સુપ્રીમ કોર્ટ.
- ♥ સૂરતમાં મોંઘવારી સામે અનોખો વિરોધ, રક્તદાન કરનારને ૧ કિલો ડુંગળી ભેટ.
- ♥ તરણેતર મેળાનું સમાપન થતાં આજે મોટી સંખ્યામાં માનવમેદની ઉમટી.